ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ

# ગોચર અગોચર



## આ વખતે મનાવી લો પિતૃઓને... નહીંતર રિસાઈને જતાં રહેશે પિતૃલોકમાં

મહાલયા (સર્વ પિતૃ અમાસ), શનિવાર, ૧૦ ઑક્ટોબર ૨૦૨૬ના રોજ છે. અમાસ તિથિ આરંભઃ ૯ ઑક્ટોબર ૨૦૨૬ના રોજ રાત્રે ૯:૩૭ વાગ્યાથી. અમાસ તિથિ સમાપ્તિઃ ૧૦ ઑક્ટોબર ૨૦૨૬ના રોજ ૯:૨૦ વાગ્યા સુધી.

**મહાલયાનું મહત્ત્વ**

**પિતૃ પક્ષનું સમાપનઃ** આ પિતૃ પક્ષ (શ્રાદ્ધ પક્ષ)નો અંતિમ દિવસ હોય છે. આ દિવસ પિતૃઓને વિદાય આપવામાં આવે છે અને તર્પણ કરવામાં આવે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવે છે. **દેવી પક્ષની શરૂઆતઃ** મહાલયાની સાથે જ દેવી દુર્ગાનું આગમન એટલે કે દેવી પક્ષની શરૂઆત થઈ જાય છે. આ દિવસે સવારે મહિષાસુર મર્દિની (ચંડી પાઠ) સાંભળવાની પરંપરા છે. આ શુભ દિવસ દેવી દુર્ગાનું પૃથ્વી પર આગમન (દેવી પક્ષ)નું પ્રતીક માનવામાં આવે છે.

**મહાલયાની પૌરાણિક કથા**

મહિષાસુરનો અત્યાચારઃ પૌરાણિક કથા અનુસાર 'મહિષાસુર' નામના રાક્ષસે ભગવાન બ્રહ્માની કઠિન તપસ્યા કરીને 'અમરતા'નું વરદાન માંગ્યું હતું ત્યારે બ્રહ્માજીએ કહ્યું કે, 'મૃત્યુ નિશ્ચિત છે!' તો મહિષાસુરે વરદાન માંગ્યું કે, ''તેનો વધ કોઈ પણ દેવતા, પુરુષ કે પશુના હાથથી ના થવો જોઈએ... પરંતુ ફક્ત કોઈ સ્ત્રી દ્વારા જ થાય.''

**દેવતાઓની હારઃ**

મહિષાસુરે એવું માન્યું કે, કોઈ સ્ત્રી તેને હરાવી નહીં શકે. પછી મહિષાસુરે સ્વર્ગ પર આક્રમણ કર્યું અને બધા દેવતાઓને હરાવી દીધા!! - એટલે દેવલોકમાં તેનું રાજ થઈ ગયું.

**મા દુર્ગાનું સર્જન**

ત્યારે સંકટમાં પડેલા દેવતાઓએ (બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ) પોતાની સંયુક્ત શક્તિથી મહાશક્તિ 'મા દુર્ગા'નું સર્જન કર્યું.

**મહિષાસુર મર્દિની**

મા દુર્ગાએ મહિષાસુરની સાથે ભીષણ યુદ્ધ કર્યું અને 'મહાલયા - અમાસ'ના દિવસે તેમનો વધ કરીને ખોટા પર સાચાનો વિજય સુનિશ્ચિત કર્યો.

**મહાલયાનો અર્થ**

મહાલયાનો શાબ્દિક અર્થ 'મહાન આવાસ' કે 'મોટું ઘર / સ્થાન' હોય છે. (આ 'મહા' અને 'આલય' શબ્દોથી મળીને બન્યો છે.)

* * *

કન્યા રાશિમાં સૂર્ય રહે ત્યારે પણ જો તમે શ્રાદ્ધ ના કરો તો પિતૃઓ... તુલા રાશિના સૂર્ય સુધી આખા કારતક માસમાં શ્રાદ્ધની રાહ જુવે છે અને ત્યારે પણ જો ના થાય તો સૂર્ય દેવ વૃશ્ચિક રાશિ પર આવે ત્યારે પિતૃઓ નિરાશ થઈને પોતાના સ્થાન પર પાછાં ફરે છે!! અને આશીર્વાદની જગ્યાએ શાપ આપે છે. એટલે પાછાં તક મળવા છતાં - 'પિતૃઓ' અને 'તમે' બંને દુઃખી થાવ છો!

**કાળચક્ર**

**યજ્ઞાનંદ**

**હવે 'પિતૃ પક્ષ' સમાપ્ત થશે અને 'દેવી પક્ષ' શરૂ થશે!! મહાલયા - સર્વ પિતૃ અમાસઃ પિતૃ પક્ષનો અંતિમ દિવસ!! આ પિતૃ પક્ષમાં તમે પિતૃઓને તર્પણ... પિંડદાન... બ્રહ્મ ભોજન વગેરે દ્વારા તૃપ્ત કર્યાં હોય તો તેમના આશીર્વાદ અને કર્યાં ના હોય તો તેમના શાપ!!**

**પિતૃઓ રૂષ્ટ થવાનાં લક્ષણ**

પિતૃઓના રૂષ્ટ - રિસાઈ જવાનાં કેટલાંક અસામાન્ય લક્ષણ ક્રમશઃ આ પ્રકારે હોઈ શકે છેઃ

**પૂર્વજોનાં સ્વપ્નાં વારંવાર આવવાં**

મારા એક મિત્રે જણાવ્યું કે, તેઓ પોતાના પિતા સાથે ઝઘડો થઈ ગયો અને તે ઝઘડો ઘણાં વર્ષો સુધી ચાલ્યો. પિતાએ મરતાં સમયે પોતાના પુત્રને મળવાની ઈચ્છા જાહેર કરી પરંતુ પુત્ર મળવા ના આવ્યો. પિતાનો સ્વર્ગવાસ થઈ ગયો. થોડાક સમય પછી મારો મિત્ર મારી પાસે આવતો હતો અને કહેતો હતો કે, તેમણે પોતાના પિતાને કપડાં પહેર્યા વગર જોયા હતા. આવું સ્વપ્ન પહેલાં પણ કેટલીય વાર આવી ચૂક્યું છે.

**શુભ કાર્યમાં અડચણ**

ક્યારેક-ક્યારેક એવું થાય છે કે, તમે કોઈ તહેવાર ઉજવી રહ્યા હો કે કોઈ ઉત્સવ તમારા ઘર પર થતો હોય... ત્યારે જ બરાબર એ સમય પર કંઈ ને કંઈ એવી ઘટના બની જાય કે તેમાં રંગમાં ભંગ પડી જાય! એવા બનાવો બને છે કે ખુશીનો માહોલ બદલાઈ જાય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે, શુભ અવસર પર કંઈક અશુભ ઘટિત થવું - તે પિતૃઓની અસંતુષ્ટિનો સંકેત છે.

**ઘરમાં કોઈ એક સભ્યનું કુંવારા રહી જવું**

કેટલીય વાર તમે તમારી આસપાસ કે પછી સંબંધીઓમાં જોયું હશે કે અનુભવ કર્યો હશે કે, ઘણો સારો યુવક હોય... તેનામાં કોઈ કમી ના હોય પરંતુ છતાં પણ લગ્ન ના થતાં હોય... ઉંમર નીકળ્યા પછી પણ લગ્ન ના થવાં - તે કોઈ સારો સંકેત નથી. આનું મુખ્ય કારણ તમારા પિતૃઓ તમારા પર રૂઠેલા છે... તેથી તેનો ઉપાય જાણકારને પૂછીને તાત્કાલિક નારાયણ બલિ કરાવવી જોઈએ.

**મકાન કે પ્રોપર્ટીની ખરીદ-વેચાણમાં તકલીફ આવવી**

તમે જોયું હશે કે એક ઘણી મોટી પ્રોપર્ટી, મકાન, દુકાન કે જમીનનો એક ટુકડો કોઈ કારણસર વેચાતો ના હોય. જો તે જમીનનો ખરીદદાર પણ મળે તો પણ વાત બનતી નથી... જો કોઈ ખરીદદાર મળી જાય અને બધી જ વાત થઈ જાય તો છેવટે અંતિમ સમય પર સોદો કેન્સલ થઈ જાય છે. આ રીતની સ્થિતિ જો લાંબા સમયથી ચાલી આવતી હોય તો માની લેવું જોઈએ કે તેની પાછળ અવશ્ય જ કોઈ એવા અતૃપ્ત આત્મા છે - જેનો તે ભૂમિ પર કે જમીનના ટુકડા જોડે કોઈ સંબંધ રહ્યો હોય.

**સંતાન ના થવું**

મેડિકલ રિપોર્ટમાં બધું જ સામાન્ય હોવા છતાં સંતાનસુખથી વંચિત હોય - તો તેનું કારણ તમારાં પૂર્વજો અસંતુષ્ટ હોવાથી રૂષ્ટ છે. તેથી વધારે કંઈ પણ વિચાર્યા વગર પિતૃ પક્ષમાં નારાયણ બલિ અમુક જાણકારીથી વિદ્વાન પાસે કરાવી લેવાથી સંતાન થવા માટેનાં દ્વાર ખુલી જશે. ઉપરોક્ત બધા પ્રકારની ઘટનાઓ કે સમસ્યાઓથી ઘણાં લોકોએ અનુભવ કર્યો હશે. બીજી તરફ તેના નિવારણ માટે લોકો સમય અને પૈસા - બંને નષ્ટ કરે છે પરંતુ સમસ્યાનું સમાધાન થતું નથી. આ માટે સરળ અને પ્રથમ રસ્તો છે કે, સાચા જાણકાર પાસે પૂર્વજોને સંપૂર્ણ વિધિવિધાન દ્વારા ખુશ કરી દેવાં જોઈએ. એટલે તમેય રાજી અને તમારા પૂર્વજો પણ રાજી... પરંતુ લોકોને સાચી સમજ નથી આવતી ને દીવાલ પર વારે ઘડીએ ભટકાયા કરે છે. આટલો સરળ ઉપાય કરતાં નથી અને ખોટા ઉપાયો માટે પૈસા ખર્ચી નાખે છે!!





**યંત્ર-મંત્ર-તંત્ર**

**યજ્ઞેશ ત્રિવેદી**

તા. 10 સપ્ટેમ્બર 2026ના રોજ શનિવાર છે. ભાદરવા વદ અમાસ છે. છેલ્લું સર્વપિતૃ શ્રાદ્ધ છે. આ અમાસ શનૈશ્ચરી અમાસ પણ છે.

'અમાસ તિથિ' કે 'અમાસ પર્વ'ના સમયમાં કરવામાં આવેલા શ્રાદ્ધને - 'પાર્વણ શ્રાદ્ધ' કહે છે. પ્રાચીન ગ્રંથોમાં વર્ણવેલ છે કે શ્રાદ્ધના દિવસોમાં 'પોતાના' બધા ભૂલાયેલા-વિસરાયેલા' માટે અમાસનો દિવસ વધારે અનુકૂળ છે. કારણ કે આ દિવસે પિતૃઓ આપણી ઘણી નજીક હોય છે. સર્વપિતૃ અમાસે ખાસ કરીને 'શ્રાદ્ધ તર્પણ' વગેરે કરીને પિતૃઓને પ્રસન્ન (ખુશ) કરવામાં આવે છે.

બ્રહ્મપુરાણ અનુસાર પિતૃ અમાસમાં પવિત્ર થઈને પ્રયત્નપૂર્વક શ્રાદ્ધ કરવાથી મનુષ્યની સમસ્ત અભિલાષાઓ પૂરી થાય છે અને અનંત કાળ સુધી તમે સ્વર્ગમાં સુખ પ્રાપ્ત કરો છો. આ પ્રકારે જે મનુષ્ય શ્રાદ્ધાદિ કર્મ સંપન્ન કરે છે તે સમસ્ત મનોરથોને પ્રાપ્ત કરીને અનંત કાળ સુધી સ્વર્ગનો ઉપભોગ કરે છે.

અમાસની તિથિએ બ્રાહ્મણને ભોજન કરાવવું જોઈએ, તેનું ફળ મહાન હોય છે.

જે વ્યક્તિ પિતૃ પક્ષના 15 દિવસો સુધી શ્રાદ્ધ-તર્પણ કે પિંડદાન નથી કરી શકતા તેઓ અમાસના દિવસે જ પોતાનાં પિતૃઓ નિમિત્તે શ્રાદ્ધાદિ સંપન્ન કરી શકે છે.

માનવામાં આવે છે. આ દિવસે બ્રાહ્મણ ભોજન, વસ્ત્રદાન, તલ, જલદાન, દીપદાન અને ગાયને લીલો ચારો

# સર્વપિતૃ અમાસ

જે પ્રિયજનોની પુણ્ય તિથિ યાદ ના હોય - તેમના નિમિત્તે શ્રાદ્ધ, તર્પણ, દાન વગેરે આ અમાસે કરી શકાય છે.

વાયુપુરાણ અનુસાર પિતૃઓમાં ભક્તિ રાખનાર વ્યક્તિ માટે સિદ્ધજનો, ચારણ અને ગંધર્વગણ નિત્ય સ્તુતિ કરે છે... તેમની સાથે સેંકડો અપ્સરાઓ પોતાનાં નાચ, ગાન, વાદ્ય, સ્તુતિ, મનોહર પુષ્પ, નિચય તેમજ બધા પ્રકારનાં અભિલિખિત વસ્ત્રાદિથી તેને ખુશ કરે છે.

પિતૃઓમાં ભક્તિ, આસ્થા, વિશ્વાસ, શ્રદ્ધા રાખનાર મનુષ્યને અમાસે બધા મનોરથ પ્રાપ્ત કરે છે, કારણ કે બધા તે તિથિ પર પિતૃગણોની પ્રત્યક્ષ પૂજા કરે છે. હસ્ત નક્ષત્ર પિતૃઓને અભીષ્ટ સિદ્ધિ આપનાર છે. એટલે ઉપરોક્ત નક્ષત્રના દિવસે કરેલું 'શ્રાદ્ધ' અક્ષય કહેવામાં આવે છે. આવામાં પિતૃગણ - આવાં મનુષ્યોને બધી જ રીતે વધારે પસંદ કરે છે!

જેને 'શનિ-રાહુનો શાપિત દોષ' હોય તેમને આ દોષ દૂર કરવા માટે આ દિવસ ઉત્તમ છે; તેથી તમે જલ્દીથી શાપમુક્ત થઈ શકો છો!!

**પુણ્યદાયક અમાસ**

હિંદુ ધર્મમાં સર્વપિતૃ અમાસ અત્યંત પુણ્યકારક ખવડાવવું ફળદાયી છે.

સર્વપિતૃ અમાસના દિવસે શ્રીમદ્ ભગવદ્ ગીતા, શ્રીવિષ્ણુ સહસ્રનામ અથવા રુદ્ર પાઠ કરવાથી પિતૃઓના આત્માને શાંતિ મળે છે. આ દિવસે કરવામાં આવેલું શ્રાદ્ધ-કર્મ વ્યક્તિને પિતૃ ઋણમાંથી મુક્ત કરે છે અને પરિવારમાં સુખ-સમૃદ્ધિ, ખુશીના વાતાવરણનું આગમન થાય છે. સર્વપિતૃ અમાસ- પિતૃ પક્ષની અંતિમ તિથિ હોય છે, જેમાં બધા જાણીતા-અજાણ્યા પિતૃઓના શ્રાદ્ધ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે.

**બિહારના ગયાજી મંદિરમાં લોકો જીવિત હોવા છતાં પોતાનું પિંડદાન અને શ્રાદ્ધ કરી લે છે સર્વપિતૃ અમાસના દિવસે પિતૃઓનું શ્રાદ્ધ, તર્પણ અને પિંડદાન કરવાથી પૂર્વજોના આત્માને શાંતિ મળે છે**

પિતૃ પક્ષમાં પિતૃગણ પૃથ્વીલોક પર આવે છે અને અમાસે વિદાય થાય છે. પિતૃ પક્ષમાં પિતૃઓનું શ્રાદ્ધ કરવાથી તેમના આત્માને શાંતિ મળે છે.

બિહારમાં ગયાજીના મંદિરમાં લોકો જીવિત રહીને પોતાનું પિંડદાન અને શ્રાદ્ધ કરે છે.જણાવી દઈએ કે મૃત્યુ બાદ જો કોઈને પિંડદાન અને તર્પણ કરવામાં ના આવે તો તેમના આત્માને શાંતિ મળતી નથી અને ધરતી પર જ ભટકતો રહે છે.

સર્વ પિતૃ અમાસને 'મહાલય અમાસ' પણ કહે છે. મહાલયનો અર્થ છેઃ 'એવી મહાન તિથિ - જેમાં સમસ્ત પિતૃઓનું આહ્વાન કરીને તેમનું એકસાથે પૂજન કરવામાં આવે છે. આ અમાસના શ્રાદ્ધને 'સર્વપિતૃ મોક્ષ અમાસ' ના નામથી પણ ઓળખાય છે.

**અંતિમ શ્રાદ્ધનું મુહૂર્ત**

**કુતુપ મુહૂર્તઃ** સવારે 12:03 થી 12:50 મિનિટ સુધી

**અપરાહ્ન/ વિજય કાળઃ** બપોરે 02:23 થી 3:10 સુધી. **તિથિ કાળઃ** 9 ઑક્ટોબર, 2026: રાત્રે 9:37 થી શરૂ થઈને 10 ઑક્ટોબરે રાત્રે 9:20 સુધી છે. આવામાં ઉદયા તિથિ અનુસાર સર્વપિતૃ અમાસ 10 ઑક્ટોબર ઉજવાશે. આ દિવસે પિતૃઓને તર્પણ કરીને વિદાય કરવામાં આવે છે. જો તમારી કુંડળીમાં 'પિતૃ દોષ' હોય તો આ દિવસે ખાસ કરીને પિતૃઓ માટે તર્પણ કરવું અને દાન-પુણ્ય કરવું. આ દિવસે પવિત્ર નદીઓમાં સ્નાન કરવાનું પણ વિશેષ મહત્ત્વ શાસ્ત્રોમાં બતાવ્યું છે.

શ્રાદ્ધને સંપન્ન કરવા માટે કુતુપ, રોહિણ વગેરે શુભ મુહૂર્ત માનવામાં આવે છે. અપરાહ્ન કાળ સમાપ્ત થાય ત્યાં સુધી શ્રાદ્ધ સંબંધી અનુષ્ઠાન સંપન્ન કરી લેવું જોઈએ.



# શ્રાદ્ધ કરો... પરંતુ શ્રદ્ધા અને વિધિ અનુસાર

'શ્રાદ્ધ'નો અર્થ છેઃ શ્રદ્ધાથી જે કંઈ આપો તે. પિતૃપક્ષમાં શ્રાદ્ધ કરવાથી પિતૃગણ પ્રસન્ન રહે છે. ધર્મશાસ્ત્રોમાં કહેવાયું છે કે, પિતૃઓને પિંડદાન કરનાર ગૃહસ્થ દીર્ઘાયુ, પુત્ર-પૌત્રાદિ, યશ, સ્વર્ગ, પુષ્ટિ, બલ, લક્ષ્મી, પશુ, સુખ-સાધન તથા ધન-ધાન્યથી સમૃદ્ધ થાય છે. શ્રાદ્ધમાં પિતૃઓને આશા રહે છે કે, અમારા પુત્ર-પૌત્રાદિ અમોને પિંડદાન તથા તિલાંજલિ આપીને સંતુષ્ટ કરશે... આ જ કારણે હિંદુ ધર્મશાસ્ત્રોમાં દરેક હિંદુ ગૃહસ્થને 'પિતૃપક્ષમાં શ્રાદ્ધ કરવા માટે' કહેવામાં આવ્યું છે.

'શ્રાદ્ધ'થી સંકળાયેલી કેટલીક એવી વાતો છે, જે ઘણાં ઓછાં લોકો જાણે છે. પરંતુ આ વાતો શ્રાદ્ધ કરતાં પહેલાં જાણી લેવું બહુ જ જરૂરી છે, કારણ કે કેટલીક વાર વિધિપૂર્વક શ્રાદ્ધ ના કરવાથી પિતૃગણ શાપ પણ આપે છે. આજે અમે તમને શ્રાદ્ધથી સંકળાયેલી કેટલીક વિશેષ વાતો બતાવી રહ્યા છીએ, જે આ પ્રકારે છેઃ

શ્રાદ્ધકર્મમાં ગાયનું ઘી, દૂધ કે દહીં કામમાં લેવું જોઈએ. એ પણ ધ્યાન રાખવું કે, ગાયને બચ્ચું થયે દસ દિવસથી વધારે થયા હોવા જોઈએ.

શ્રાદ્ધમાં ચાંદીનાં વાસણોનો ઉપયોગ પુણ્યદાયક હોય છે. તેને રાક્ષસોનો નાશ કરનાર માનવામાં આવે છે.

શ્રાદ્ધમાં બ્રાહ્મણને ભોજન કરાવતા સમયે પીરસવાના વાસણને બંને હાથેથી પકડીને લેવા જોઈએ. એક હાથેથી લાવવાથી અન્નપાત્રમાં પીરસેલું ભોજન રાક્ષસ છીનવી લે છે.

બ્રાહ્મણને ભોજન મૌન રાખીને તેમ જ વ્યંજનોની પ્રશંસા કર્યા વિના કરાવવું જોઈએ, કારણ કે બ્રાહ્મણ મૌન રહીને ભોજન કરે તો જ પિતૃઓ ભોજન ગ્રહણ કરે છે.

**જડીબુટ્ટી**

**નજુમી**

જે પિતૃ શસ્ત્ર વગેરેથી મરી ગયેલા હોય - તેમનું શ્રાદ્ધ મુખ્ય તિથિ સિવાય પણ ચૌદશે પણ કરવું જોઈએ. તેનાથી તે પ્રસન્ન થાય છે. શ્રાદ્ધ ગુપ્ત રૂપે કરવું જોઈએ. પિંડદાન પર સાધારણ કે નીચ મનુષ્યોની દૃષ્ટિ પડવાથી તે પિતૃઓને પહોંચતું નથી.

શ્રાદ્ધમાં બ્રાહ્મણ ભોજન કરાવવું આવશ્યક છે. જે વ્યક્તિ બ્રાહ્મણ વિના શ્રાદ્ધ કર્મ કરે છે - તેના ઘરમાં પિતૃઓ ભોજન નથી કરતા. પરંતુ તેઓ શાપ આપીને

**શ્રાદ્ધના પ્રમુખ અંગ આ પ્રકારે હોય છેઃ પહેલાં તર્પણ, પછી ભોજન અને પિંડદાન... વસ્ત્રદાન... અને છેલ્લે દક્ષિણા**

પાછા ફરે છે. બ્રાહ્મણહીન શ્રાદ્ધથી મનુષ્ય મહાપાપી હોય છે.

શ્રાદ્ધમાં જવ, કાંગની, વટાણા, સરગવાનો ઉપયોગ શ્રેષ્ઠ રહે છે. તલની માત્રા વધારે હોય તો શ્રાદ્ધ અક્ષય થઈ જાય છે. વાસ્તવમાં તલ - પિશાચોથી શ્રાદ્ધનું રક્ષણ કરે છે. ડાભ (એક પ્રકારનું ઘાસ) પણ રાક્ષસોથી બચાવે છે.

બીજાની ભૂમિ(જમીન) પર શ્રાદ્ધ ના કરવું જોઈએ. વન, પર્વત, પુણ્યતીર્થ તેમ જ મંદિર બીજાની જમીન માનવામાં આવતી નથી. કારણ કે તેના પર કોઈની માલિકી માનવામાં આવતી નથી. એટલે આ સ્થાનો પર શ્રાદ્ધ કરવામાં આવે છે. ગુજરાતમાં વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાના ચાંદોદ ખાતે નર્મદા નદી વહે છે અને આ જ જગ્યાએ ત્રિવેણી સંગમ થાય છે. તે ઉપરાંત નર્મદા નદીમાં પિંડ પધરાવો એટલે તમારા પિતૃઓ સંપૂર્ણ સદ્ગતિ-મોક્ષ પામે છે - આવું આ નદીનું સત્ છે; તેથી દર વર્ષે પિતૃપક્ષમાં કે દરરોજ હજારો લોકો નારાયણ બલિ કરાવવાને સંપૂર્ણ શ્રાદ્ધ કરે છે. સમૂહમાં શ્રાદ્ધ કરવાથી તેમાં ઘણી કચાશ રહે છે તેથી સ્વતંત્ર જ જાણકાર પાસે વિધિ કરાવવી સલાહભરેલું છે. તીર્થમાં બધા જ પ્રકારના બ્રાહ્મણો હોય છે તેથી ટૂંકી વિધિ કે અધૂરી વિધિ થાય છે તેથી જાગૃત રહેવું.

પિતૃકાર્યમાં યોગ્ય બ્રાહ્મણની પસંદગી કરવી જોઈએ, કારણ કે શ્રાદ્ધમાં પિતૃઓની તૃપ્તિ બ્રાહ્મણો દ્વારા થાય છે.

જે વ્યક્તિ કોઈ કારણવશ એક જ શહેરમાં રહેતાં બહેન, જમાઈ અને ભાણેજને શ્રાદ્ધમાં ભોજન કરાવતાં નથી - તેમને ત્યાં પિતૃઓ તેમ જ દેવતા અન્ન ગ્રહણ કરતાં નથી.

શ્રાદ્ધ કરતાં સમયે જો કોઈ ભિખારી આવી જાય તો તેને આદરપૂર્વક ભોજન કરાવવું જોઈએ. જે વ્યક્તિ આવા સમયે ઘરે આવેલા યાચકને ભગાડી દેતા હોય તેમનું શ્રાદ્ધ કર્મ પૂર્ણ માનવામાં આવતું નથી અને તેનું ફળ નષ્ટ થઈ જાય છે.

સુદ (શુક્લ) પક્ષમાં, રાત્રે યુગ્મ દિવસે તથા પોતાના જન્મદિવસ પર ક્યારેય શ્રાદ્ધ કર્મ ના કરવું જોઈએ. ધર્મગ્રંથો અનુસાર સંધ્યાકાળનો સમય રાક્ષસો માટે હોય છે. આ સમય બધાં કાર્યો માટે નિન્દિત છે એટલે સાંજના સમયમાં શ્રાદ્ધ કર્મ ના કરવું જોઈએ.

શ્રાદ્ધમાં પ્રસન્ન (ખુશ) પિતૃગણ મનુષ્યોને પુત્ર, ધન, વિદ્યા, આયુષ્ય, આરોગ્ય, લૌકિક સુખ, મોક્ષ અને સ્વર્ગ આપે છે. શ્રાદ્ધ માટે સુદ પક્ષની સરખામણીમાં કૃષ્ણ-વદ પક્ષને વધારે શ્રેષ્ઠ માનવામાં આવે છે.

રાત્રિકાળને - રાક્ષસી કાળ માનવામાં આવે છે. એટલે રાતમાં શ્રાદ્ધ કર્મ ના કરવું જોઈએ. બંને સંધ્યાઓમાં પણ શ્રાદ્ધ કર્મ ના કરવું જોઈએ. દિવસના આઠમું મુહૂર્ત (કુતપ કાળ)માં પિતૃઓ માટે આપવામાં આવેલું દાન અક્ષય થઈ જાય છે.

શ્રાદ્ધ કર્મમાં ગંગાજળ, દૂધ, મધ, કુશ (ડાભ) અને તલ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. કેળાનાં પાંદડાં પર શ્રાદ્ધ ભોજન નિષેધ છે.

તુલસીથી પિતૃગણ પ્રસન્ન થાય છે. એવી માન્યતા છે કે, "પિતૃગણ ગરુડ પર સવાર થઈને વિષ્ણુલોકમાં જાય છે. તુલસીથી પિંડની પૂજા કરવાથી પિતૃગણ પ્રલયકાળ સુધી સંતુષ્ટ થાય છે.

રેશમી વસ્ત્ર, કમ્બલ (ધાબળો), ઊન, લાકડું, તૃણ (ઘાસ), પાન, કુશ (ડાભ) વગેરેનાં આસન શ્રાદ્ધ કર્મ માટે શ્રેષ્ઠ હોય છે. આસનમાં લોખંડ કોઈ પણ રૂપમાં ઉપયોગ ના થવો જોઈએ.

ભવિષ્ય પુરાણ અનુસાર શ્રાદ્ધ 12 પ્રકારનાં હોય છે; જે આ પ્રકારે છેઃ

1.નિત્ય 2.નૈમિત્તિક 3.કામ્ય 4.વૃદ્ધિ 5.સપિંડન 6.પાર્વણ 7. ગોષ્ઠી 8. શુદ્ધ્યર્થ 9. કર્માંગ 10. દૈવિક 11. યાત્રાર્થ તેમ જ 12. પુષ્ટ્યર્થ.

શ્રાદ્ધનાં મુખ્ય અંગ આ પ્રકારે છેઃ

તર્પણઃ તેમાં દૂધ, તલ, ડાભ, ફૂલ, ગંધ મિશ્રિત જળ પિતૃઓને તૃપ્ત કરવા માટે કરવામાં આવે છે. શ્રાદ્ધ પક્ષમાં તેને પ્રતિદિન કરવાનું વિધાન છે.

ભોજન તેમ જ પિંડદાનઃ પિતૃઓ નિમિત્ત બ્રાહ્મણોને ભોજન કરાવવામાં આવે છે. શ્રાદ્ધ કરતા સમયે ચોખા કે જવના પિંડદાન કરવામાં આવે છે.

વસ્ત્રદાનઃ વસ્ત્ર દાન આપવું શ્રાદ્ધનું મુખ્ય લક્ષ્ય પણ છે.

દક્ષિણાઃ યજ્ઞની પત્ની દક્ષિણા છે. જ્યાં સુધી ભોજન કરાવીને 'વસ્ત્ર' અને 'દક્ષિણા' આપવામાં આવતી નથી ત્યાં સુધી તેનું ફળ મળતું નથી.

* * *

શ્રાદ્ધ તિથિ પહેલાં જ યથાશક્તિ વિદ્વાન બ્રાહ્મણોને ભોજન માટે કહેવું જોઈએ. શ્રાદ્ધના દિવસે ભોજન માટે આવેલા બ્રાહ્મણોને દક્ષિણ દિશામાં બેસાડવા જોઈએ.

પિતૃઓની પસંદનું ભોજન દૂધ, દહીં, ઘી અને મધની સાથે અન્નથી બનાવેલ પકવાન - જેમ કે ખીર વગેરે છે. એટલા માટે બ્રાહ્મણોને આવું ભોજન કરાવવાનું વિશેષ ધ્યાન રાખવું.

તૈયાર ભોજનમાંથી ગાય, કૂતરા, કાગડા, દેવતા અને કીડી માટે થોડોક ભાગ કાઢવો.

કૂતરા અને કાગડા નિમિત્તે કાઢેલું ભોજન - કૂતરા અને કાગડાને જ કરાવવું. દેવતાઓ અને કીડીઓનું ભોજન - ગાયને ખવડાવી શકો છો. ત્યાર બાદ જ બ્રાહ્મણોને ભોજન કરાવવું. પૂરી તૃપ્તિથી ભોજન કર્યા બાદ બ્રાહ્મણોના મસ્તક પર તિલક કરીને યથાશક્તિ કપડાં, અન્ન અને દક્ષિણા દાન કરીને આશીર્વાદ મેળવવો.

બ્રાહ્મણોને ભોજન બાદ ઘરના દ્વાર સુધી સંપૂર્ણ સન્માનની સાથે વિદાય કરીને આવવું.